સુરત મહાનગરપાલિકા

**મોજે કુંભાલ વિસ્તારનો નગર રચના યોજના સુરત નં.૩૩ (કુંભાલ) તૈયાર કરવા બાબત**

**: અધિસુચન :**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૨૨ ની પેટા કલમ-(૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તા મંડળે તેના તા.૨૭-૧-૮૪ ના ઠરાવ નં.૬૨૬ (૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રિએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (પ્રેસીડેન્ટ એક્ટ નં.૨૭) ની કલમ-૪૧ ની જોગવાઇઓ મુજબ સુરત મહાનગરપાલિકાના નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૨૫/૯૭ તા.૨૧-૪-૯૭ થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૩૩ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ કુંભાલ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.૩૩ (કુંભાલ) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, મુગલીસરા, ચોકબજાર, સુરતમાં રજાના દિવસો સિવાયના દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત :
તા.૨૪-૪-૯૭

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

ઠરાવ :

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૯-૩-૯૭ ના રોજ મુલતવી રહેલી અને તા.૨૧-૪-૯૭ ના રોજ ફરી મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રીના તા.૧૩-૩-૯૭ ના પત્ર નં.સીપીસ/૮/૪૭ થી વિદીત થઇ, તેમાં જણાવ્યા મુજબ, સુરત મહાનગરપાલિકાની હદમાં કુંભાલ વિસ્તારમાં મુસદ્દારુપ નગર રચના યોજના સુરત નં.૩૩ (કુંભાલ)ને દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૨) મુજબ તૈયાર કરી ઇરાદો જાહેર કરવાનું તેમજ સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૨૫/'૯૭ સર્વાનુમતે મંજુર**